નં.મક/આવિ/રાજ/૨૦૧૯-૨૦/ ૨૨૭૨
મદદનીશ કમિશ્નરશ્રી ની કચેરી (આ.વિ)
જિલ્લા સેવા સદન -૩, બ્લોક નં. ૧,પ્રથમ માળ,
સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ.
તા.૨૭-૦૯-૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ. અમરેલી

વિષય :- ધોરણ ૧ થી ૧૦ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક સ્કોલરશીપ બાબત.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકાર દ્વારા ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની યોજના કાર્યરત છે. જે અનુસંધાને અત્રેની કચેરી દ્વારા હાલમાં વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન મંજૂર કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮-૧૯ સુધી જે વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ <u>ઇનએક્ટીવ/ઇનવેલીડ/ડોર્મેટ/ફ્રીઝ</u> થઈ ગયેલ હોય તેઓની શિષ્યવૃતિ તેમના બેન્ક એકાઉન્ટમાં જમા ન થતા ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવણું કરવું પડતુ હતુ પરંતુ હાલ વર્ષ ૨૦૧૯-૨૦માં ઈ-કુબેર પોર્ટલ દ્વારા શિષ્યવૃતિ ચૂકવવાની થતી હોય જે વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ <u>ઇનએક્ટીવ/ઇનવેલીડ/ડોર્મેટ/ફ્રીઝ</u> થઈ ગયેલ હોય તેઓને શિષ્યવૃતિની રકમ સમયસર તેમના ખાતામાં જમા ન થતા ઈ-કુબેરમાં જમા થાય છે.

સદર બાબતે જણાવવાનું કે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ સાથે સામેલ ગાઈડલાઈન મુજબની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની સૂચના આપના હસ્તકની શાળાઓને આપવી. સદર બાબતે શાળાઓ દ્વારા માસવાર ડિજીટલ ગુજરાત પોર્ટલ પર લોગઈન થઈ જે વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ <u>ઇનએક્ટીવ/ડોર્મેટ/ફ્રીઝ</u> થઈ ગયેલ હોય તેઓના બેન્ક એકાઉન્ટ એક્ટીવ કરાવી ફરીથી તેઓની દરખાસ્ત અત્રેની કચેરીને ઓનલાઈન મોકલી આપવી.

(સહી)
મદદનીશ કમિશ્નર(વર્ગ-૧)
આદિજાતિ વિકાસ,રાજકોટ

પરિપત્ર નં. ૨૭૭

ક્રમાંક:-પ્રાથમિક/પ્રિ.મેટ્રીક/અનુ.જનજાતિ/૧૯-૨૦
જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી
અમરેલી. તા. ૩૦/૯/૧૯

- નકલ રવાના જાણ તથા અમલ કરવા સારૂ.

પ્રતિ,
આચાર્યશ્રી આચાર્યશ્રી
આ જિલ્લા સરકારી/ગ્રાન્ટ/નોનગ્રાન્ટ તમામ શાળાઓ
અમરેલી. જિ. અમરેલી.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી કોડ નંબર - ૨૮

Scanned by CamScanner

નીચે મુજબના પગલાં અનુસરવા વિનંતી.

- ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લોગઈન કરો.
- લોગઈન કર્યા બાદ **Utility** મેનુમાં જવું.
- ત્યારબાદ તેમાં **Invalid Student Account Update** મેનુમાં જવું.
- ત્યારબાદ **Show Invalid Account** નામનું ઓપ્શન પસંદ કરવું.
- આ બટન પર ક્લીક કર્યા બાદ જે વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ ઇનવેલીડ હશે તેઓના નામ સાથેની યાદી આપ જોઈ શકશો.
- આ યાદીમાં એકદમ જમણી તરફ આપના દ્વારા દાખલ કરેલ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ તેમજ IFSC CODE જોવા મળશે. જો વિદ્યાર્થીઓનું બેન્ક એકાઉન્ટ યોગ્ય ન હોય તો નવા બેન્ક એકાઉન્ટ નંબર તેમજ IFSC CODE દાખલ કરી બાજુમાં દર્શાવેલ Update બટન પર ક્લીક કરી તેની નીચે આવેલ Send બટન પર કલીક કરવું.
- તદ્ઉપરાંત જો વિદ્યાર્થીઓનું બેન્ક એકાઉન્ટ યોગ્ય હોય અને જો તેનું એકાઉન્ટ ડોર્મેટ/ફ્રીઝ થઈ ગયેલ હોય તો સૌપ્રથમ વિદ્યાર્થીનું બેન્ક એકાઉન્ટ એક્ટીવ કરાવવું.
- ત્યારબાદ **Show Dormant/Freeze/Close account** બટન પર કલીક કરી એકદમ જમણી તરફ Activeની નીચે આપેલ ચેકબોક્સ પર ક્લીક કરી Update બટન પર ક્લીક કરીને Send બટન પર ક્લીક કરવું.

Scanned by CamScanner

નીચે દર્શાવ્યા મુજબ Utility મેનુમાં Invalid Student Account Update બટન પર ક્લીક કરવું.






Scanned by CamScanner

**ત્યારબાદ નીચે દર્શાવ્યા મુજબનું મેનુ દેખાશે.**




**ત્યારબાદ નીચે દર્શાવ્યા મુજબનું મેનુ દેખાશે. જેમાં વિદ્યાર્થીઓના સાચા એકાઉન્ટ નંબર અને IFSC CODEની વિગત નાખવી. આ વિગત ભર્યા બાદ અપડેટ બટન પર ક્લીક કરી તેની નીચે દર્શાવેલ Send બટન પર ક્લીક કરી દરખાસ્ત અત્રેની કચેરીને ઓનલાઈન મોકલી આપવી.**






Scanned by CamScanner

જો વિદ્યાર્થીઓના એકાઉન્ટ ચાલુ હોય પરંતુ લેવડ-દેવડના અભાવે ડોર્મેંટ/ફ્રીઝ થયેલ હોય તો નીચે દર્શાવ્યા મુજબ Show dormant/Freeze/Close Account બટન પર ક્લીક કરવું. જેમાં જે વિદ્યાર્થીઓના એકાઉન્ટ ડોર્મેંટ/ફ્રીઝ થયેલ હશે તે વિદ્યાર્થીઓની વિગત નીચે મુજબ દર્શાવવામાં આવશે.

સૌપ્રથમ આવા વિદ્યાર્થીઓના એકાઉન્ટ એક્ટીવ કરાવી નીચે દર્શાવ્યા મુજબ ચેકબોક્ષમાં ક્લીક કરી અપડેટ બટન પર ક્લીક કરી તેની નીચે દર્શાવેલ Send બટન પર ક્લીક કરી દરખાસ્ત અત્રેની કચેરીને ઓનલાઈન મોકલી આપવી.




E:\Amit\A S BARIA\ALL Paripatra\ekuber letter.docx

Scanned by CamScanner